R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 51 DATE: 17-12-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સે નોટબંધીના મામલે વિરોધ નહી કરવા સરક્યુલર ઇસ્યુ કર્યો

ઈસ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઈન ઈન્ડીયા દ્વારા એક સરક્યુલરમાં તમામ ચાર્ટર્ડ એકાઉન્ટસને સુચના આપવામાં આવી છે કે તેઓ નોટબંધી અંગેના પોતના નકારાત્મક મંતવ્યો કોઈપણ પ્લેટફોર્મ પર લખે નહીં અગર શેયર કરે નહીં. આઈસીએઆઈ દ્વારા એક એડવાઈઝરી જારી કરવામાં આવી જેમાં તેના સભ્યોને કેન્દ્ર સરકારના રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટ રદ કરવાના નિર્ણય અંગે ટીકા કરતી કોઇ પણ ટિપ્પણીથી દુર રહેવા જણાવાયું હતું.

આ સરક્યુલરમાં જણાવાયું છે કે તમામ સભ્યોને કડકપણે સુચના આપવામાં આવે છે કે તેઓ કોઈપણ પ્લેટફોર્મ પર નોટબંધી અંગે કંઇ લખતા કે શેયર કરતા કે પોતાના કલાયન્ટસને સલાહ આપવામાં નોટબંધી અંગે કઈપણ ટિપ્પણી કરતાં પહેલા સાવધ રહેવું.

વાસ્તવમાં આઈસીએઆઈની ધ્યાનમાં છ સીએના એવા કિસ્સા આવ્યા કે જેમાં ગેરકાયદે પ્રવૃત્તિ થઈ હતી. જેના પછી આઈસીએઆઈ દ્વારા એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના સભ્યો દ્વારા કોઈપણ જાતની ગેરશિસ્ત નોટબંદી અંગે પોતાનું મંતવ્ય રજુ કરવામાં થતી જોવા મળે તો તેમની વિરુધ્ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એકટ અને અન્ય કાયદાની જોગવાઈ અનુસાર તાત્કાલિક પગલાં લેવામાં આવી શકે છે.અનો તપાસ શરુ થઈ શકે છે.ઉપરાંત નેશનલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની રેગ્યુલેટરે નોટબંધીનો આર્થિક ગ્રોથ માટે સુનિશ્ચિત બળ ગણાવી છે અને કાળા નાણાં માટે તે એક આકરા હુમલા સમાન સાબિત થશે એમ પણ કહ્યુ છે.

આઈસીએઆઈના જણાવ્યા પ્રમાણે માત્ર કાળા નાણાં દુર નહીં કરે પણ સરહદો પર બનાવટી નોટોથી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પણ અટકશે.આઈસીએઆઈએ એમ પણ કહ્યુ છે કે તે હંમેશા સરકારના બોલ્ડ મુવ ને સમર્થન આપે છે.

૮ નવેમ્બરે વડાપ્રધાન મોદીએ નોટબંધીની કરેલી ધોષણા બાદ ભારતને કેશલેશ ઈકોનોમી બનાવવા માટે ડીજીટલ ટ્રાન્ઝેકશનને પ્રમોટ કરવામાં આવે છે. હાલમાં દેશમાં રોકડની અછતથી સામાન્ય લોકો પરેશાન છે. જો કે સરકારે પાછલા બારણે તમામ ચાર્ટર્ડ એકાઉન્ટસને આકરા પગલાં લેવાની ગંભીર ચેતવણી આપતાં હવે તમામ સી.એ. નોટબંધીનો નિર્ણય ખોટો છે તેવું જાહેરમાં કહેતાં અચકાશે.

## નોટબંધી યોજના અંગે વડાપ્રધાનની ગાડી પાટા પરથી ઉતરી ગઇ છેપશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વડાપ્રધાન મોદી પર નિશાન તાકતા કહ્યુ હતું કે પીએમ મોદી એ વાત જાણે છે કે તેમની નોટબંધીની યોજના પાટા પરથી ઉતરી ગઈ છે.અને હવે તેમની પાસે ભાષણો આપવા સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી. મમતાએ ટ્વીટ કરીને કહ્યુ હતું કે મોદી બાબુ જાણે છે કે નોટબંધી યોજના પાટા પરથી ઉતરી ગઈ છે.તુણમુલ કોગ્રેસ અધ્યક્ષે કહ્યુ હતું કે તેમણે અગાઉ જ કેન્દ્ર પર વિપક્ષને લોકસભામાં નોટબંધીનો મુદ્દો નહીં ઉઠાવવા દેવાનો આરોપ લગાવ્યો છે. મોદીએ ગુજરાતના ખેડુતોની રેલી સંભોધતા કહયું હતું કે સંસદમાં જે કંઇ બની રહ્યુ છે તેનાથી રાષ્ટ્પતિ પ્રણવ મુકરજી દુઃખી છે.તેઓ નોટબંધીના મુદ્દે બંને ગૃહોમાં કામકાજ ઠપ હોવાના કારણે મુકરજીના હાલના નિવેદનનો ઉલ્લેખ કરી રહ્યા હતા.મોદીએ કહ્યુ હતું કે સરકારે હંમેશા કહ્યુ છે કે અમે ચર્ચા માટે તૈયાર છીએ.

## સરકાર પ્લાસ્ટીકની ચલણી નોટો બજારમાં મુકશે

દેશમાં નકલી નોટો બજારમાં ફરતી થતી રોકવા માટે સરકારે પ્લાસ્ટીકની ચલણી નોટો છાપવાનો નિર્ણય લીધો છે. આ અંગે સંસદમાં માહિતી આપવામાં આવી હતી.આવી નોટો છાપવાની સામગ્રી મંગાવવાનુ શરુ કરાયું છે.રાજ્યકક્ષાના નાણાંપ્રધાન અર્જુન રામ મેઘવાલે લોકસભામાં એક લેખિત ઉત્તરમાં કહ્યુ હતું કે સરકારે પ્લાસ્ટિક કે પોલિમર સબસ્ટેટ ધરાવતી ચલણી નોટો છાપવાનો નિર્ણય લીધો છે. અને તેની સામગ્રી મંગાવવાનુ શરુ કરી દીધું છે. ફિલ્ડ ટ્રાયલ પછી રિર્ઝવ બેન્ક દ્વારા પ્લાસ્ટીક કરન્સી નોટો ચલણમાં મુકવાનું આયોજન છે.

આવી ચલણી નોટોનું આયુષ્ય પાંચ વર્ષનું હોય છે. અને તેની નકલ કરવાનું મુશ્કેલ હોય છે.પ્લાસ્ટીકમાંથી કે પોલીમરમાંથી બનાવવામાં આવેલી નોટો કાગળની નોટો કરતાં વધારે સ્વચ્છ અને સાફ રહી શકે છે.ઓસ્ટ્રેલીયામાં સૌ પહેલાં આવી પ્લાસ્ટીકની નોટો ચલણમાં મુકાઈ હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કોગ્રસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર વ્યક્તિગત ભ્રષ્ટાચારનો આરોપ મુક્યો

કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ એક સનસનીખેજ આરોપ મુકતાં કહ્યુ હતું કે તેમની પાસે વડાપ્રધાન મોદીના કૌભાંડની અંગત માહીતી છે.પરંતુ તેમને આ મામલે લોકસભામાં સત્તાધારી પક્ષ બોલવા દેતો નથી. અત્યંત આક્રમક મુડમાં સંસદ પરિસરમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે આ વાત કહી હતી.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર વિપક્ષનો અવાજ દબાવી દેવા માંગે છે.તેમણે કહ્યુ કે નોટબંધી મુદ્દે વડાપ્રધાન મોદીને સંડોવતી માહિતી છે અને એટલે જ શાસક પક્ષ મને કે વિપક્ષી સભ્યોને બોલવા દેતા નથી.મોદી ડરી રહ્યા છે.રુપીયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવાનો આઠમી નવેમ્બરે વડાપ્રધાન મોદીએ નિર્ણય કર્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં શાસક અને વિપક્ષ વચ્ચેના સબંધો તંગ રહ્યા છે. અન તેમાં પણ રાહુલ ગાંધીએ કરેલા સનસનીખેજ આરોપને કારણે આ તિરાડ વધુ પહોળી બની છે.રાહુલે અગાઉ પણ એવું નિવેદન કર્યા હતું કે જો તે સંસદમાં બોલશે તો ભુકંપ આવી જશે.રાહુલનું આ નિવેદન અને પછી મુકાયેલ આરોપ એકબીજા સાથે સંકળાયેલા હોવાનુ મનાય છે.

વિપક્ષી નેતાઓ સાથે રાહુલે પ્રેસ કોન્ફરન્સમાં અત્યંત વિશ્વાસ સાથે કહ્યુ હતું કે હું શું કહેવા માંગુ છું તે સાંભળો. વડાપ્રધાન વ્યક્તિગત રીતે મારી પાસે જે માહિતી છે તેનાથી ડરી ગયા છે.મારી પાસે વડાપ્રધાનના ભ્રષ્ટાચારની વ્યક્તિગત માહિતી છે. આ વડાપ્રધાનનો વ્યક્તિગત ભ્રષ્ટાચાર છે.અમારી પાસે તેની ડિટેઈલ માહિતી છે.હું લોકસભામાં રજુ કરવા માંગુ છું.પણ સરકાર મને બોલવા દેતી નથી.વડાપ્રધાન ડરે છે કેમકે તેમને ખબર છે કે જો હું બોલીશ તો ફુગ્ગો ફુટી જવાનો છે.વડાપ્રધાને બહાનાબાજી બંધ કરવી જોઈએ અને સંસદમાં વિપક્ષને બોલવાની તક આપવી જોઈએ.

સરકારમાંથી રાહુલના આરોપો અંગે તત્કાળ કોઈ માહિતી કે પ્રતિક્રિયા આવી નથી પણ સંસદીય બાબતોના મંત્રી અનંત કુમારે કહ્યુ હતું કે રાહુલ પાસે જો પુરાવા હોય તો તેમણે રજુ કરવા જોઈએ,વિપક્ષો અફવા ફેલાવી રહ્યા છે.

## રાજસ્થાન સરકારે આપેલી પાંચ ટકા અનામત હાઇકોર્ટે રદ કરી

રાજસ્થાનની હાઈકોર્ટે રાજ્યમાં ગુર્જર અને અન્ય પાંચ સમુદાય માટે નક્કી કરેલ સ્પેશીયલ બેકવર્ડ(એસબીસી) અનામત જોગવાઈને રદ કરી દીધી છે.જસ્ટીસ એમ.એન.ભંડારી, જે.કે.રાકાએ કેપ્ટન ગુરવિદરસિંહ દ્વારા થયેલી અરજીના કેસમાં ચુકાદો આપતાં જોગવાઈ રદ કરી હતી. ૨૮ નવેમ્બર,૨૦૧૨ના રોજ એસબીસી અનામત આપવા નિર્ણય લેવાયો હતો.અન્ય પછાત વર્ઘ(ઓબીસી)ને આપવામાં આવેલી ૨૧ ટકા અનામતને સ્પર્શ્યા વિના જ એસબીસી જુથને પાંચ ટકા અનામત આપવા જોગવાઈ કરી હતી.તેને પગલે રાજ્યમાં નોકરી અને શિક્ષણ માટે કુલ અનામત જોગવાઈ ૫૪ ટકા થઈ હતી.

હાઈકોર્ટના આ નિર્ણયને પગલે ગુર્જર સમુદાયમાં નારાજગી પ્રવર્તી રહી છે.તેઓ વધુ એક આંદોલનની તૈયારીમાં લાગી ગયા છે.ગુર્જરનેતા અને પુર્વ કર્નલ કિરોરીસિંહ બૈસલાએ જણાવ્યુ હતું કે સમુદાય અનામતના લાભ માટે રાજ્ય સરકાર સામે વધુ એક વાર લડી લેશે. કારણકે સરકાર બંધારણની અનુસુચિ ૯ હેઠળ જોગવાઈને રક્ષણ આપવાનું વચન આપ્યું હતું તે પુરુ કરી શકી નથી.તે જોગવાઈના થતાં હાઈકોર્ટે અનામત જોગવાઈ રદ કરી છે. બૈસલાએ જણાવ્યુ હતું કે ટુંક સમયમાં રાજ્યસ્થાન ગુર્જર આરક્ષણ સંઘર્ષ સમિતિની બેઠક બોલાવવામાં આવશે.સરકાર સામે અમે ક્યાં પગલાં લઈશું તે સમય કહેશે.

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી અરુણ ચર્તુવેદીએ જણાવ્યુ હતું કે રાજ્ય સરકાર કોર્ટના ચુકાદાનો અભ્યાસ કરશે.રાજ્ય સરકાર કેન્દ્રને ભલામણ કરી ચુકી છે.અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર લેશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

નોટબંધીના કારણે પ્રજા શરુઆતમાં સરકારના નિર્ણયની સાથે હતી.પરંતુ જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ ચલણી નોટોનો કકળાટ દેખાવા માંડ્યો. શરુઆતમાં પ્રશંશા કરનારા લોકો પણ પાછળથી ખાનગીમાં ખરખરો કરતા થઇ ગયા.ભાજપના હાઇકમાન્ડે પોતાના તમામ સભ્યોને નોટબંધીની તરફેણ કરવાની અને લોકો વચ્ચે જઇને સરકારના નિર્ણયને સાથ આપવાની સુફીયાણી સલાહ આપેલી,પરંતુ ધીમે ધીમે તેમાં ઓટ આવવા લાગી.લોકો લાઇનોમાં ઉભા રહીને કંટાળવા લાગ્યા અને બીજી બાજુ દરોડા અને પોલીસ દ્વારા નવી નોટોના બંડલો જપ્ત થવા લાગ્યા. જ્યાં લોકોને રુ.૨૦૦૦ની નોટ માટે વલખાં મારવા પડતાં હતા ત્યાં કેટલાક લોકો પાસેથી બંડલોના બંડલો જપ્ત થવા માંડ્યા.સરકારના નિર્ણય સામે ધીમે ધીમે આક્રોશ વધી રહ્યો છે તેમ લાગતાં સરકારે પોતાના નિર્ણયને યોગ્ય સાબિત કરવાના પ્રયત્નો માં ડીજીટલ ટ્રાન્ઝેકશનને સુપરહિટ બનાવવાનો પ્લાન મુક્યો. રાતોરાત સરકારી લોટરીની સ્કીમ રજુ કરવામાં આવી.પ્રજાના પૈસે પ્રજાને લ્હાણી કરવામાં આવી.સરકારે નોટબંધી જાહેર કરતાં તો કરી નાંખી પરંતુ હવે તેને ખ્યાલ આવ્યો છે કે બ્લેક મનીની નાબુદીવાળી વાર્તા હવે ચાલે તેમ નથી.એટલે સરકારે ફટાફટ કેસલેશ ઇકોનોમી અને ડીજીટલ ટ્રાન્ઝેકશનના આલાપ કરવા માંડ્યા.હવે ભાજપના તમામને કમને પણ કેશલેસ ઇકોનોમી ના જાપ જપાવવામાં આવી રહ્યા છે.કેશલેસ ઇકોનોમી શક્ય થાય તેમ નથી.પ્રજાને પુરતી નોટો ના પહોચાડી શકવાની ઘોર નિષ્ફળતા ઢાંકવા માટે સરકારે વિવિધ પેતરાઓ રચીને લોકોને ફરીથી ગાજર લબડાવીને ખુશ કરવાના પ્રયત્નો શરુ કર્યા .સરકારે હવે ડીજીટલ લોટરી યોજનામાં ડિજીટલ ટ્રાન્ઝેકશન માટે જુદા જુદા સ્તરે જુદા જુદા ઇનામોની ઘોષણા કરી નાંખી.પરંતુ આ સ્કીમ માત્ર રુપે જેવા સરકારી કાર્ડ કે પછી સરકારી યુનીફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસના પ્લેટફોર્મ પર ટ્રાન્ઝેકશન કરનારા માટે જ છે.સરકાર ગમે તેટલા દાવા કરે પરંતુ હાલ દેશમાં ડીજીટલ ટ્રાન્ઝેકશન કરનારા ૯૯ ટકા લોકો પ્રાઇવેટ બેન્કના અને પ્રાઇવેટ ઇન્ટરનેશનલ કાર્ડ પેમેન્ટ સર્વીસના કાર્ડ વાપરે છે.તેઓ આ લોટરીથી બાકાત રહેવાના છે. એ જ રીતે મોબાઇલ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરનારા પ્રાઇવેટ કંપનીઓના ઇ વોલેટનો જ ઉપયોગ કરે છે.ભાજપી નેતાઓ પોતે આવા ખાનગી ઇ વોલેટ અપનાવવાની અપીલો કરી ચુક્યા છે.નોટબંધીના કારણે વેપાર ધંધાને ભારે ચોટ પહોચી છે.વેપાર ધંધા મંદ પડી ગયા છે.ત્યારે હવે સરકારે નોટબંધીને સફળ બનાવવા માટે જે કોઇ કીમીયા કરશે તે લોકોને કેટલા લાભ કરશે તે સમય બતાવશે.સુપ્રીમ કોર્ટે પણ આ બાબતે ખાસી ટકોર કરી છે. પરંતુ નોટબંધી સારી છે તેનો પ્રચાર અને પ્રસાર ખુબ જોર શોરથી કરીને લોકોના મગજમાં ઠસાવવાનો આકરો પ્રયત્ન બાદ હવે લોકોને સમજમાં આવતું જાય છે કે ખરેખર બ્લેક મની આવા નિર્ણયથી નાબુદ થવાની શક્યતા ઓછી છે. કદાચ સરકાર ના ખયાલી પુલાવમાં આવી વાત હોઇ શકે.

હવે નિર્ણય પાછો ખેચી શકાય તેમ નથી તો સરકારે કાંતો નોટોનો વધુ પુરવઠો બજારમાં મુકવો પડશે તેમજ બેન્કોમા વ્યવસ્થા સુચારુ રુપે ઉભી કરવી પડે જેથી લોકોને નવી ચલણી નોટો મેળવવામાં તકલીફના પડે.ડીજીટલ પેમેન્ટ માટે હજુ દેશની જનતા તૈયાર નથી તે સત્તા પર બેઠેલા લોક યાદ રાખે

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
**http://jagadishchristian.com/**
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# હિન્દુઓ સમગ્ર વિશ્વમાં સૌથી ઓછા શિક્ષિત લોકો છે : પ્યુનો રીપોર્ટ

પ્યુના એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હાલના દાયકામાં અનેક શૈક્ષણિક ઉપલબ્ધિઓ હાંસલ કરવા છતાં દુનિયામાં મોટા ધાર્મિક સમુદાયોમાંથી હિન્દુઓમાં શિક્ષણ પ્રાપ્તિનું સ્તર સૌથી ઓછું છે.પ્યુના પ્રમાણે હિન્દુઓએ હાલના વર્ષોમાં નક્કર શૈક્ષણિક પ્રગતિ કરી છે.અભ્યાસમાં સૌથી યુવા પેઢીમાં હિન્દુ પુરુષો(૨૫ વર્ષ કે તેથી વધુ વયના)લોકોનું વિશ્લેષણ કરવામાં આવ્યુ છે.

હિન્દુઓમાં શિક્ષણ પ્રાપ્તિનું સ્તર કોઇપણ અન્ય મોટા ધાર્મિક સમુહની તુલનામાં અત્યાર સુધી સૌથી ઓછી રહ્યું છે.આ મામલે યહુદીઓ ટોચ પર રહ્યા છે. વૈશ્વિક સ્તર પર સરેરાશ ૫.૬ વર્ષ સ્કુલિંગ છે. અને ૪૧ ટકા હિન્દુઓ પાસે કોઇ પ્રકારનું ઔપચારિક શિક્ષણ નથી.દસમાંથી એક પાસે માધ્યમિક સ્તરથી ઉપરની ડીગ્રી છે.તમામ પેઢીઓમાં હિન્દુ મહિલાઓ વધુ શિક્ષિત હોવા છતાં હિન્દુઓમાં કોઇ અન્ય ધાર્મિક સમુહની તુલનામાં અત્યાર સુધીનો સૌથી મોટો શૈક્ષણિક લૈંગિક તફાવત છે.પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા જારી રીપોર્ટનું શીર્ષક રીલીજન એન્ડ એજ્યુકેશન અરાઉન્ડ ધ વર્લ્ડ એટ લાર્જ છે. આ રીપોર્ટ ૧૬૦ પાનાનો છે.તેમાં કહેવાયું છે. કે દુનિયાભરમાં મુસ્લીમ મહિલાઓમાં સ્કુલિંગની સરેરાશ ૪.૯ વર્ષ છે.જ્યારે મુસ્લીમ પુરુષોમાં સરેરાશ ૬.૪ વર્ષ છે.જ્યારે હિન્દુ મહિલાઓમાં સરેરાશ સ્કુલિંગ ૪.૨ વર્ષ છે.જસારે હિન્દુ પુરુષોમાં તે ૬.૯ વર્ષ છે.વિશ્વમાં શિક્ષણના મામલે યહુદીઓ અગ્રેસર રહ્યા છે.

# આજના સમયનો એક જ એજન્ડા

ગોધરાકાંડની ગમખ્વાર ઘટના બાદ ૨૦૦૩માં ઇસુસંઘી સમાજશાસ્ત્રી ડો. સેબાસ્તિયાન વેમ્પનીએ આ આખી ઘટનામાં અસરગ્રસ્ત વિસ્તારમાં હિન્દુ,મુસ્લીમ, ખ્રિસ્તીઓ અને ખાસ કરીને કેથલિકોની સ્થિતિનો ઊંડાણપુર્વક અભ્યાસ કર્યો છે.

આ અભ્યાસમાં તેમણે એવું તારણ કાઢ્યું છે કે ગુજરાતના ખ્રિસ્તીઓ આ ઘટના પછી ફફડતા રહ્યા હતા અને પોતાને અસહાય કે બેબસ મહેસુસ કરતા હતા.એના કારણોમાં એક તો ખ્રિસ્તીઓ ખુબજ સુક્ષ્મ-માઇક્રો લઘુમતીમાં છે.બીજું, તેમનું કોઇ રાજકીય પીઠબળ નથી, ત્રીજુ, સરકારમાં,પોલીસમાં કે બ્યુરોક્રેસીમાં પણ ખ્રિસ્તીઓનું પ્રતિનિધિત્વ નહીં બરાબર છે. ચોથું, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ,વિશ્વ હિંદુ પરિષદ, અને સંઘ પરિવારના કટ્ટરવાદી જુથો પાસે બધું જ છે -રાજકીય પીઠબળ,નાણાં,વગ-વસીલો અને રાષ્ટ્રવાદના નામે કટ્ટરતા છે.એવા સંજોગોમાં જો આવી ઘટના ખ્રિસ્તીઓ સાથે બને તો શું થાય એવા ભયથી ખ્રિસ્તીઓના દિલ કંપી ઉઠે છે.

ખ્રિસ્તીઓ શાંત,સરળ,રાષ્ટ્રીય ભાવનાવાળા છે. પણ કંધમાલ,ડાંગ, મધ્યપ્રદેશ અને થોડા સમય અગાઉ જલંધર અને મેઘાલયમાં બનેલી ઘટનાઓ તો સતત બનતી જ રહી છે.એવા સંજોગોમાં છુટાછવાયા રહેતા ખ્રિસ્તીઓ અને સમુહમાં કે 'ઘેટો'માં રહેતા ખ્રિસ્તીઓ સક્ષમ નથી કે સામના માટે પણ તૈયાર નથી.પુર્વ સાંસદ અહેસાન જાફરી,જેમની પાસે તમામ વગ-વસીલો હતાં અને મુસ્લીમો વચ્ચે જ રહેતા હતા છતાં પોતાની જાતને અને ગુલબર્ગ સોસાયટીને એ બચાવી શક્યા ન હતા.ત્યારે ખ્રિસ્તીઓ પોતાના બચાવમાં શું કરી શકે એની કલ્પના પણ થઇ શકતી નથી.

આનો કોઇ ઉપાય ખરો ?

ડો.વેમ્પનીએ ઉપાય સુચવ્યો છે. ખ્રિસ્તીઓનું સર્વાંગીપણે સશક્તિકરણ કરવું, એમણે જે સુચનો કર્યા છે તે ખુબજ ઉપયોગી છે અને ત્વરીતપણે અમલમાં મુકવા જેવા હતા પણ દરેક વખતે બને છે તેમ એ સુચનો તેમના સંશોધન પેપરમાં જ પડી રહ્યાં છે.આવા ટાણે ગુજરાતી કેથલિક સમાજે પોતે જ કાંઇ વિચારવું પડશે.

સૌ પ્રથમ તો આપણે માંહોમાંહે જુથબંધી કરી લડી પડીએ છીએ તે કુસંપ,ઝગડા- ટંટા બંધ કરી એકતા સ્થાપવી પડશે- છુટકો નથી.વળી કેથલિકોએ માત્ર અંદર-અંદર એકતા સ્થાપવાની નથી પરંતુ અન્ય ઇસુસંઘી ભાઇઓ સાથે અને દલિતભાઇઓ સાથે પણ સોલીડારીટી-હિતસબંધ જાળવવો પડશે. આ તો કોઇપણ ભોગે, પોતાના અહમ,પુર્વગ્રહ, માન્યતાના ઉપગ્રહનો ટકરાવ- બધું જ છોડીને કરવું પડશે.

ડો.સેબાસ્તયાને કહ્યું છે તેમ ધર્મસભા અને ઇસુસંઘે અન્ય તમામ કાર્યક્રમો, યોજનાઓ,પ્રવૃત્તિઓને પડતા મુકી ખ્રિસ્તીઓના સશક્તિકરણને સૌથી વધુ અગ્રતા આપવી પડશે.આ સશક્તિકરણ માટે તેમણે નીચે મુજબ સુચવ્યું છે.

૧.ખ્રિસ્તીઓમાં રાજકીય નેતૃત્વ પાકે એ માતે તમામ પ્રયાસ કરવા અને સહાય કરવી.

૨. ખ્રિસ્તીઓ જાહેર જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રવેશી શકે, સરકારની વહીવટી જગાઓ, શિક્ષણ, યુનીવરસીટીઓ, ન્યાયતંત્ર, ઊદ્યોગમાં પ્રવેશવા સક્ષમ બને તે માટે તમામ પ્રયાસ કરવા જરુરી તાલીમ આપવી અને તેવા કાર્યક્રમો હાથ ધરવા.

૩.આવનારી જે વાસ્તવિક પરિસ્થિતિનો ખ્રિસ્તીઓએ સામનો કરવાનો છે તેનાથી સૌને વાકેફ કરવા, સમાજના પીડીતો, શોષિતો, ગુલામી માનસ,ગેરમાન્યતાઓ વગેરે સામે જરુરી જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા.

૪.આર્થિક,રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં ખ્રિસ્તીઓ તેમના કૌશલ્યો દાખવી શકે એ માટેની વ્યવસ્થા ઉભી કરવી.

ડો.સેબાસ્ચિયાનનું તો કહેવું છે કેથલિક સમાજ, અન્ય ઇસુપંથી સમાજો અને ધર્મસભા કે ઇસુસંઘ કે અન્ય ઇસુપંથી મંડળીઓએ તેમના તમામ સંસાધનો,મિલકતો, નાણાં, માનવ સંસાધનો, જ્ઞાન,કૌશલ્યો, તકો વિગેરે ખ્રિસ્તીઓના સશક્તિકરણ માટે કામે લગાડી દઇ ખ્રિસ્તી સમુદાયને સ્વ નિર્ભર અને સ્વસુરક્ષિત બનાવવો પડશે.

ઇસુએ સત્ય,નવજીવન અને નવચેતના - જેમાં પ્રેમ,સત્ય, ભ્રાતૃસાર, શાંતિ, એકતા,પરસ્પર સહકાર અને સહયોગ હો. એવા સર્વાંગીપણે સશક્તિકરણનો સંદેશ જ આપ્યો છે.ત્યારે આજના સમયનો આ એકજ એજન્ડા સૌ ખ્રિસ્તીઓ, ધર્મગરુઓ,મંડળો,મંડળીઓ ભેગા થઇને પાર પાડવાનો સંકલ્પ કરે નહી તો.

જેને આંખ હોય તે જુએ અને કાન હોય તે સાંભળે

નવીન મેકવાન(કેથલીક સમાચારમાંથી સાભાર )

## જાણવા જેવું !

મેડીકલ શાખામાં શરદીનો પ્રથમ કેસ ૧૬૧૧માં ઇંગ્લેન્ડમાં નોંધાયો હતો.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો. નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## રોકડ વ્યવહારોને બદલે ડીજીટલ માધ્યમોથી વ્યવહારો ચલાવે તે દેશમાં પ્રોત્સાહક નિર્ણયોની કેન્દ્રે જાહેરાત કરી

દેશમાં લાગુ કરવામાં આવેલી નોટબંધીના કારણે દેશમાં અફરાતફરી મચી ગઈ અને સરકાર નાગરિકોને નોટો સામે નોટો પુરી પાડવામાં કારાગત નહી નીવડતાં હવે લોકોને કેસલેશ તરફ વાળવાનો પ્રયત્ન શરુ કર્યો છે.લોકોને રોકડ વ્યવહારને બદલે ડીજીટલ પેમેન્ટ તરફ દોરવા કેટલાક પ્રોત્સાહક નીતિગત નિર્ણયો લીધા છે.આ બાબતે જેટલી સરકારે ૧૧ જેટલા મહત્વના નિર્ણયોની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યુ હતું કે ડીજીટલ મોડથી પેટ્રોલ કે ડીઝલ ભરાવનારે ૦.૭૫ટકા ડીસ્કાઉન્ટ મળશે.તે ઉપરાંત નેશનલ હાઈવે પર ઉઘરાવાતાં ટોલટેક્સમાં ડીજીટલ પેમેન્ટ દ્વારા ૧૦ટકાની રાહત આપવામાં આવી છે.આ સિવાય સબર્બન રેલવે ટિકિટ ઓનલાઈન બુકીંગ કરાવનારને ૦.૫ ટકા ડિસ્કાઉન્ટ અને રેલવે ટીકીટ ઓનલાઈન બુકીંગ કરનારને ૧૦ લાખનો વીમો ફ્રીમાં આપવામાં આવશે.નાણાંમંત્રી કહ્યુ હતું કે સરકાર શક્ય એટલા પ્રયાસ કરી રહી છે કે લોકો રોકડ રકમનો બને તેટલો ઓછો ઉપયોગ કરે. લોકો ક્રેડિટ કાર્ડ,ડેબીટ કાર્ડ,ઈ-વોલેટ અને અન્ય ડીજીટલ માધ્યમોથી કામગીરી કરે.નોટબંધીના કારણે સરકારની ધારણાઓ ખોટી પડી રહી છે અને સમગ્ર દેશની નાગરિક પીડા અનુભવી રહી છે.હવે સરકાર પોતાનીકામગીરીને કારણે ઉભી થયેલી અવ્યવસ્થાને ઠેકાણે પાડવા માટે અનેક બીજી વ્યવસ્થાઓ ઊભી કરીને પોતાની યર્થાતતા સાચી ઠેરવવા માટે પ્રયત્નશીલ બની છે.

## ટ્રિપલ તલ્લાકના મામલે અલ્હાબાદ હાઇકોર્ટની ટકોર :કોઇ પર્સનલ લો બોર્ડ બંધારણથી સર્વોપરી નથી

અલ્હાબાદ હાઈકોર્ટે એક અરજીની સુનાવણીમાં એવુ ઠરાવ્યુ હતું કે ટ્રિપલ તલાક ગેરબંધારણીય છે.અને મુસ્લીમ મહિલાઓના મુળભુત અધિકારોના ભંગ સમાન છે.કોઈપણ પર્સનલ લો બોર્ડ બંધારણથી સર્વોપરી નથી તેવો મત કોર્ટે વ્યકત કર્યો હતો.કેટલીક મુસ્લીમ મહિલાઓ અને કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાકની મુસ્લીમ પરંપરાને સુપ્રીમમાં પડકારી છે.જેમાં એવી દલીલ કરાઈ છે કે ટ્રિપલ તલાક લૈંગિક,ન્યાય સમાનતા અને બંધારણની વિરુધ્ધ છે. જો કે ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડ ટ્રિપલ તલાકને સમર્થન આપે છે.પર્સનલ લો બોર્ડનું કહેવુ છે કે કોઈપણ મહિલાને મારવા કરતાં તેને તલાક આપવાનું યોગ્ય છે.ધર્મ દ્વારા આપવામાં આવેલા અધિકારો અંગે કોર્ટમાં પ્રશ્નો ઉઠાવવા જોઈએ નહીં. અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા બુલંદ શહેરની હિના અને ઉમરબીની અરજીઓ પર સુનાવણી વખતે કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.કોર્ટે કહ્યુ હતું કે ટ્રિપલ તલાક એ મુસ્લીમ મહિલાઓ સાથેની ક્રુરતા છે.આનાથી મુસ્લીમ મહિલાઓના અધિકારો છીનવી લેવામાં આવી રહ્યા છે.કોર્ટે એવું કહ્યુ હતું કે પવિત્ર કુરાનમાં તલાક યોગ્ય માનવામાં આવેલ નથી.

કોર્ટેને હેરાન કરતો પ્રશ્ન એ છે કે શું મુસ્લીમ પત્નીઓએ આ અત્યાચાર કાયમ માટે ભોગવવાનો રહેશે? આ કમનસીબ પત્નીઓ માટે શું તેમનો પર્સનલ લો ક્રુર જ રહેશે? શું આ મુશ્કેલી દુર કરવા માટે મુસ્લીમ પર્સનલ લો બોર્ડમાં સુધારા ન કરી શકાય ? આવી ક્રુરતાથી ન્યાયતંત્ર ડિસ્ટર્બ છે.પહેલી પત્ની કોઈ વાંકગુના વિના તેની જીંદગી સામાન્ય રીતે જીવતી હોય છે પણ તેનાથી અડધી ઉંમરની યુવતી તેના પતિના જીવનમાં આવે ત્યારે પહેલી પત્નીના જીવનમાં કોઈ વાંકગુના વિના ઝંઝાવાત આવે છે અને તે ટ્રિપલ તલાકનો ભોગ બને છે.પતિને તેની પત્નીને તલાક આપવાનો એકપક્ષીય અધિકાર મળે છે જે ઈસ્લામને અનુરુપ નથી.એક એવી લોકપ્રિય માન્યતા છે કે કુરાનના કાયદા હેઠળ મુસ્લીમ પુરુષો તેમના લગ્નને તોડવાનો અબાધિત અધિકાર ધરાવે છે.જ્યાં સુધી મહિલા તેના પતિને વફાદાર હોય અને આજ્ઞાનું પાલન કરતી હોય ત્યાં સુધી પત્નીને તલાક આપવાની કુરાનમાં છુટ મળે છે.જચો મુસ્લીમ પત્ની અવિવેકી હોય અને ખરાબ ચારિત્ર્યની હોય અને તેને કારણે લગ્નજીવનમાં ખટરાગ સર્જાયો હોય તો તેવા કિસ્સામાં ઈસ્લામના કાયદા હેઠળ પુરુષ લગ્નવિચ્છેદ કરી શકે છે.કોઈ ગંભીર કારણો વિના તે તેની પત્નીને ધર્મ કે કાયદા હેઠળ તલાક આપી શકતો નથી.

જ્યારે મુસ્લીમ પર્સનલ લો બોર્ડના કમલ ફારુકીએ કહ્યુ હતું કે આ કોર્ટની ટીપ્પણી છે તેનો ચુકાદો નથી.તલાક એ શરિયતના કાયદાનો એક ભાગ છે.જેમાં દખલગીરી હોવી જોઈએ નહીં.જ્યારે કોંગ્રેસના રેણુકા ચૌધરીએ કહ્યુ હતું કે મને આનંદ છે કે હવે મુસ્લીમ મહિલાઓને તેમનો અધિકાર મળશે.જ્યારે ભાજપના સાંસદ આર.કે.સિંહે કહ્યુ હતું કે ટ્રિપલ તલાક અંગે કોર્ટનું આ પ્રગતિશીલ પગલું છે.

જ્યારે કોર્ટે એવું પણ કહ્યુ હતું કે ટ્રિપલ તલાકના મુદ્દે ધર્મગુરુઓએ ખોટી વ્યાખ્યા કરી છે. જો કે કોર્ટનો આ ચુકાદો નથી.કોર્ટ કેવો ચુકાદો આપશે તેની પર સુપ્રીમ કોર્ટમાં તલાક અંગનો કેસ પેન્ડીગ પડેલો છે.મુસ્લીમ પર્સનલ લો બોર્ડે આ બાબતે કોર્ટની દરમિયાનગીરીને નકારી છે.જેથી કોઈપણ જાતનો ચુકાદો આવે તેનાથી અનર્થો સર્જાઈ શકે છે.

મંદાકીનીમાં લગભગ ૨૫૦ કરોડ જેટલા તારાઓનો સમુહ આવેલો છે.અને આવી તો લગભગ ૧૦૦ લાખ જેટલી મંદાકીનીઓ બ્રહ્માંડમાં આવેલી હોવાનો અંદાજ છે.

મોસ્કોમાં આવેલી લેનીન લાઈબ્રેરી એ બે કરોડ પુસ્તક ધરાવે છે.એ આ લાઈબ્રેરી વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી છે.

આફ્રિકામાં મેંડક નામનો છોડ થાય છે જેને ઉખાડી નાંખવામાં આવે થો તેમાંથી બાળક રડતું હોય તેવો અવાજ આવે છે

## ભારતના સહુ પ્રથમ શીખ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા જસ્ટીસ જે.એસ.ખહેર બનશે

જસ્ટીસ જે.એસ.ખહેર ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે.રાષ્ટ્પતિ પ્રણવ મુકરજી૪ જાન્યુઆરી,૨૦૧૭ના રોજ જસ્ટીસ ખેહરને હોદ્દાના શપથ લેવડાવશે. ૪૪મા મુખ્ય ન્યાયાધીશ બનવા જઈ રહેલા જસ્ટીસ ખહેરનો કાર્યકાળ ૪ જાન્યુઆરીથી ૪ ઓગષ્ટ ૨૦૧૭ સુધીનો રહેશે.તેઓ મુખ્ય ન્યાયમુર્તિ બનનારા પ્રથમ શીખ વ્યક્તિ છે.હાલના મુખ્ય ન્યાયમુર્તિ ટી.એસ.ઠાકુરે કેન્દ્ર સરકારને જસ્ટીસ ખહેરના નામની ભલામણ કરી હતી.

હાલના મુખ્ય ન્યાયમુર્તિ ટી.એસ.ઠાકુર અને સરકારની વચ્ચે ઘણો ગજગ્રાહ ચાલ્યો હતો.તેમજ સરકારની વિરુધ્ધમાં પણ ઘણા હુકમો થયા હતા. હવે નવા આવનાર ન્યાયાધીસ ખહેર સરકારની સામે બાથ ભીડાવશે કે કેમ?


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## કપરા સમય માટે દેશ તૈયાર રહે : ભુતપુર્વ વડા પ્રધાન મનમોહનસિંહ

રુપીયા ૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટ ચલણમાંથી નાબુદ કરવાના વડાપ્રધાન મોદીના નિર્ણયને ભયજનક ગણાવતાં પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે દેશની કરુણાંતિક ગણાવી હતી.પુર્વ વડાપ્રધાન અને ટોચના અર્થશાસ્ત્રી મનમોહનસિંહે ધ હિંદુ અખબારમાં લખેલા આર્ટીકલમાં જણાવ્યુ હતું કે પીએમ મોદીનો નોટબંધીનો નિર્ણય તેમની બંધારણીય જવાબદારીનું વિડંબણાયુક્ત કાવ્ય છે.મોદીના આ નિર્ણયથી એક અબજ કરતાં વધુ ભારતીયના આત્મવિશ્વાસનો નાશ કર્યો છે.એક ભયાનક કરુણાંતિકાનું સર્જન મથાળા સાથેના લેખમાં મનમોહનસિંહે નોટબંધીના નિર્ણયને કારણે જીડીપી અને રોજગાર સર્જન પર થનારી અસરો પર ચેતવણી આપતાં કહ્યુ હતું કે આગામી મહિનાઓમાં આકરો સમય આવી રહ્યો છે.દેશ તેના માટે તૈયાર રહે.મોદીનો નિર્ણય પ્રમાણિક ભારતીયને ગંભીર ઈજા કરશે.જ્યારે કાળુ નાણું ધરાવનારા નજીવી હાની સાથે છટકી જશે.

૨૪મી નવેમ્બરે મનમોહનસિંહે રાજ્યસભામાં નોટબંધીના નિર્ણયને સુનિયોજીત લુંટ ગણાવ્યો હતો. તેમના આર્ટિકલમાં આ અંગે વધુ વર્ણન કરાયું છે. તેમણે લખ્યું છે કે એક અપરિપક્વ નિર્ણય દ્વારા વડાપ્રધાને કરોડો ભારતીયના સરકાર પરના વિશ્વાસ અને શ્રધ્ધાને ડગાવી દીધા છે.

## વેસ્ટલેન્ડ ઓગષ્ટા હેલિકોપ્ટર સોદામાં સીબીઆઇએ પુર્વ એરચીફ ત્યાગીની ધરપકડ કરી

યુપીએના શાસનમાં ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટરના સોદામાં રુપીયા ૪૨૩ કરોડની કટકી થઈ હોવાની આશંકાએ હવાઈદળના પુર્વ વડા એર ચીફ માર્શનલ એસ.પી. ત્યાગીની ધરપકડ કરી હતી.સહુ પ્રથમ વાર હવાઈપાંખના વડાની ધરપકડ કરાઈ છે.ત્યાગીની સાથે દિલ્હી સ્થિત વકીલ ગૌતમ ખૈતાન અને ત્યાગીના પિતરાઈ સંજીવ ત્યાગીની પણ ધરપકડ કરાઈ છે. જો કે યુપીએ સરકારે આ સોદો રદ કર્યો હતો અને ત્યાગી તેમજ અન્ય ૧૩ લોકો સામે કેસ દાખલ કરાયો હતો. જો કે સીબીઆઈએ કેસ યુપીએની સરકાર વખતે જ દાખળ કર્યો હતો. પરંતુ હવે એનડીએની સરકાર પોતે મીર માર્યો હોય તેવો દાવો કરીને પ્રચાર કરી રહી છે.

## કેન્દ્ર સરકારે તિસ્તા સેતલવાડના એનજીઓનું વિદેશી ફાળા નિયમનનું લાઇસન્સ રીન્યુ કરી દીધું

એક આંચકાજનક સમાચાર બહાર આવ્યા છે કે તિસ્તા સેતલવાડ દ્વારા ચલાવાતા એનજીઓનું લાયસંસ સસ્પેન્ડ કરી દેવાયું હતું. પરંતુ આશ્ચર્યજનક રીતે ગૃહ મંત્રાલયે સીટીઝન ફોર જસ્ટીસ એન્ડ પીસ(સીજેપી)નું વિદેશી ફાળા નિયમન એકાઉન્ટ લાઈસન્સ રિન્યુ કરી દીધું છે.સેતલવાડ અને તેમના પતિ જાવેદ આનંદ દ્વારા ચલાવાતું આ સંગઠન ગુજરાતના રમખાણોના આશ્રિતોની ગ્રાન્ટસના કથિત દુરપયોગ બદલ સરકાર દ્વારા કથિત લેવાયેલ પગલાંનો ભોગ બન્યું હતું.કેટલીક એજન્સીઓ દ્વારા તેમની જાંચ પડતાલ કરાઈ હતી અને તેમની સામે કેટલાક વિદેશી હુંડિયામણના દુરપયોગના કેસો પણ કરવામાં આવ્યા હતા. પરંતુ આખરે ગૃહ મંત્રાલયે આ એનજીઓનું લાયસંસ રિન્યુ કરી દીધું છે.

### જાણવા જેવું !

આપણી આંખની કીકીનું વજન એક ઔંસ હોય છે.

લાર્ડલ રોડ ટનલ જે નોર્વેમાં આવેલી છે તે વિશ્વની સૌથી લાંબી રોડ ટનલ તરીકે ઓળખાય છે.આ ટનલમાંથી મુસાફરી કરવી એ વિશ્વની શ્રેષ્ઠ મુસાફરી ગણવામાં આવે છે.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# નોટબંધીનો નિર્ણય ઐતિહાસિક અને ક્રાંતિકારી હતો પરંતુ તેનાથી ભવિષ્યમાં શું થશે તેની કોઇને ખબર જ નથી

વડાપ્રધાન મોદીના નોટબંધીના નિર્ણય બાદ શાસક અને વિરોધ પક્ષ વચ્ચે ચાલી રહેલું શીત યુધ્ધ હજુ શમ્યું નથી.હવે તે એની પરાકાષ્ઠા પર પહોચ્યું છે.સમગ્ર દેશ નોટબંધીની તકલીફ વેઠી રહ્યો છે. તો સરકાર વિપક્ષને સંસદમાં બોલવાની તક આપતી નથી જ્યારે વડાપ્રધાન સંસદમાં બોલતા નથી.આમ નોટબંધી બાબતે બેઉ બાજુ અક્કડ વલણને કારણે દેશની જનતા પીસાઈ રહી છે.નોટબંધી બાબતે અનેકવિધ પ્રતિક્રિયાઓ નોટબંધીના અમલ બાદ જોવા મળી છે.સરકારે આપેલી હૈયાધારણા અને વિશ્વાસ ડગી રહ્યા છે.જો કે વડાપ્રધાને ૫૦ દિવસની મહેતલ આપી છે.મોટાભાગનો સમય પુરો થઈ ગયો છે અને હજુ પણ પરિસ્થિતિ થાળે પડી નથી.

વડાપ્રધાન જેવા ચાલાક વ્યક્તિ અને રાજકારણી વગર વિચાર્યે નોટબંધી જેવો નિર્ણય કરે તે માનવું અશક્ય છે.પરંતુ તેમણે નહીં ધારેલી પરિસ્થિતિ ઉભી થઈ તેમાંથી માર્ગ કાઢવાનું કહેનારા તેમની આસપાસના લોકો તેમને ગુંચવી રહ્યા છે તેવું મનાઈ રહ્યું છે.દેશની બેન્કો ભ્રષ્ટાચાર આદરી શકે એવી કલ્પના તેમણે નહી કરી હોય.રિઝર્વ બેન્ક ધાર્યા કરતાં વધુ રેઢિયાળ નીવડી છે.દેશભરના એટીએમમાં નોટો પહોચાડનારી આઉટસોર્સિંગ એજન્સીઓ બારોબાર વહીવટ કરી શકે તેવી આશંકા નહોતી.સહકારી, ખાનગી અને સરકારી બેન્કોના અધિકારીઓએ વ્યવસ્થાતંત્રના છીડા શોધીને અબજો રુપીયાના કાળા નાંણા ધોળા કરી દીધા.નાણાંમંત્રીના સુચવાયેલા તમામ આંકડાઓ અને અંદાજો ખોટા સાબિત થઈ રહ્યા છે.સરકારી બાબુઓનેજ ભ્રષ્ટાચાર ડામવામાં કોઈ રસ જ નથી અને સૌથી વધુ ચિંતાજનક બાબત છે.વડાપ્રધાને નહીં કલ્પેલી પરિસ્થિતિ આકાર લઈ રહી છે.તેમનું સ્વપ્ન્ ભ્રષ્ટાચાર ડામવાનું હોઈ શકે પરંતુ તેમનું તંત્ર તેમનાથી સવાઈ રીતે ભ્રષ્ટાચારને કેવી રીતે ઉજાગર કરી શકાય તેની તડજોડમાં લાગેલું છે.

સરકારમાં બેઠેલા કેટલાક મંત્રીઓ,સંઘ અને સંગઠનના પદાધિકારીઓ, સંઘની અન્ય ભગિની સંસ્થાઓ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.પરંતુ હવે એવું લાગી રહ્યુ છે કે નોટબંધીના નિર્ણય બાદ વડાપ્રધાન મોદી એકલા ઝઝુમી રહ્યા છે.ટીમની સંઘભાવના ઉપરછલ્લી દેખાઈ રહી છે.વડાપ્રધાનને તેનો અણસાર આવી ચુક્યો છે અને તેથી જ તેઓ નોટબંધીના કારણે જે કોઈ પરિણામ આવે તેની જવાબદારી પોતાની એકલાની જ છે તેવું કહી ચુક્યા છે.

વર્તમાનમાં અમલીકરણમાં રિઝર્વ બેન્કથી માંડીને જેટલીનું નાણાં મંત્રાલય તદ્દન નિષ્ફળ નિવડ્યું છે એ બાબતમાં બે મત હોઈ શકે નહીં.સાથોસાથ મોદી સરકારની વિશ્વસનીયતા સામે પહેલીવાર સવાલો ખડા થઈ રહ્યા છે.મોદીની વ્યક્તિગત લોકપ્રિયતામાં ઓટ આવી રહી છે.નોટબંધીના કારણે જ્યાં ચુંટણીઓ આવનારી છે ત્યાં જનઆક્રોશ ભાજપની વિરુધ્ધમાં જતો દેખાઈ રહ્યો છે.વિપક્ષોમાં નોટબંધીને કારણે એકતા જોવા મળી છે.ભાજપના મહત્વના સાથીઓ અકાલીદળ અને શિવસેના નારાજ ચાલી રહ્યા છે.જ્યારે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી કોઈપણ ભોગે મોદીને હરાવવા-હંફાવવા માટે અગ્રેસર છે.મોદી વિરોધી રાજકીય મોરચાના મંડાણ થઈ ચુક્યા છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્ક: જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સૌને પ્રભાવિત કરવાના ઉધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ આપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.